અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

ધ કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સ, રાંચી અને અન્ય

વિ.

મેસર્સ સ્વર્ણ રેખા કોક્સ એન્ડ કોલ્સ પ્રાઈવેટ લિમિટેડ અને અન્યો

૭ મે, ૨૦૦૪

[એન. સંતોષ હેગડે અને બી.પી. સિંઘ, ન્યાયમૂર્તિઓ.]

ભારતનું બંધારણ, ૧૯૫૦:

અનુચ્છેદ ૨૨૬(૨)—"દાવાનું કારણ"—"સંપૂર્ણપણે અથવા અંશતઃ"—બિહાર રાજ્યે, તેના વિભાજન પહેલાં, વેચાણવેરામાંથી મુક્તિ આપતું જાહેરનામું બહાર પાડ્યું—પટના હાઈકોર્ટે ઝારખંડ રાજ્યને અરજદારને

વેચાણવેરામાંથી મુક્તિ આપવા માટે મેન્ડામસ બહાર પાડ્યો—ની યથાર્થતા—ઠેરવેલ: બિહાર રાજ્ય દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામું એ આધાર બન્યું જેના પર અરજદારે પોતાનો દાવો રજૂ કર્યો—આથી, એમ કહી શકાય નહિ કે દાવાનું સમગ્ર કારણ ઝારખંડ રાજ્યમાં ઉદ્ભવ્યું—જોકે, તે અનિવાર્યપણે દાવાના કારણનો એક ભાગ બન્યું—કેસના સંજોગોમાં, ઝારખંડ રાજ્યને પક્ષકાર–સામાવાળા બનાવવું જોઈતું હતું.

બિહાર રીઓર્ગેનાઇઝેશન એક્ટ, ૨૦૦૦:

કલમો ૮૪ અને ૮૫—ની ચાલુતા અને લાગુ પડવાપણું—ઝારખંડ રાજ્યની રચના તત્કાલીન બિહાર રાજ્યમાંથી કરવામાં આવી હતી—ઝારખંડ રાજ્યને કલમો ૮૪ અને ૮૫ લાગુ પડવા બાબત—ઠેરવેલ: કલમો ૮૪ અને ૮૫ ની ભાષા સ્પષ્ટ અને અસંદિગ્ધ છે—આ કલમો જોગવાઈ કરે છે કે અવિભાજિત બિહાર રાજ્યને જે કાયદાઓ લાગુ પડતા હતા તે નવા ઝારખંડ રાજ્યને લાગુ પડવાનું ચાલુ રહેશે.

કલમો ૮૪ અને ૮૫—વેચાણવેરો—માંથી મુક્તિ—રાજ્યાંતર્ગત વેચાણ વ્યવહારોના સંદર્ભમાં—ની લાગુ પડવાપણું—રાજ્યના વિભાજન પર આંતરરાજ્ય વેચાણ વ્યવહારોના સંદર્ભમાં—ઠેરવેલ: કોર્ટે એવી કલ્પના કરીને પોતાના મનને ગૂંચવાડામાં પડવા દેવું જોઈએ નહિ કે જે અગાઉ એક રાજ્ય હતું તે હવે બે બની ગયું છે અને પરિણામે જે અગાઉ રાજ્યાંતર્ગત વેચાણ વ્યવહારો હતા તે હવે આંતરરાજ્ય વેચાણ વ્યવહારો છે—જો સદર અધિનિયમની કલમો ૮૪ અને ૮૫ મુજબ, નિયત દિવસ પહેલાં અમલમાં રહેલા કોઈપણ કાયદાને તેના ફેરફાર અથવા રદ થવાની ગેરહાજરીમાં અસર હોવી જ જોઈએ, તો વાસ્તવમાં રાજ્યાંતર્ગત વેચાણ વ્યવહારો આંતરરાજ્ય વેચાણ વ્યવહારો બની ગયા હોવા છતાં તે કાયદા હેઠળનો લાભ મળવો જ જોઈએ.

કલમ ૨(એફ)—"કાયદો"—પ્રાદેશિક સંદર્ભો—નો અર્થ—ઠેરવેલ: પ્રાદેશિક સંદર્ભોનો અર્થ નિયત દિવસ પહેલાંના હાલના બિહાર રાજ્યની અંદરના પ્રદેશો એવો થાય છે.

બિહાર ફાઇનાન્સ એક્ટ, ૧૯૫૧:

કલમ ૭(૩)(બી)—ઔદ્યોગિક નીતિ—વેચાણવેરો—માંથી મુક્તિ—બિહાર રાજ્યે નવા ઔદ્યોગિક એકમો દ્વારા કાચા માલની ખરીદીના સંદર્ભમાં વેચાણવેરામાંથી મુક્તિ આપતું જાહેરનામું બહાર પાડ્યું—નવા રચાયેલા ઝારખંડ રાજ્યને લાભોની ઉપલબ્ધતા—ઠેરવેલ: સદર જાહેરનામું બિહાર રીઓર્ગેનાઇઝેશન એક્ટ, ૨૦૦૦ ની કલમ ૨(એફ) ના અર્થમાં કાયદો છે—આથી, જ્યાં સુધી તેમાં ફેરફાર, સુધારો અથવા તે રદ ન થાય ત્યાં સુધી તે ઝારખંડ રાજ્યને પણ લાગુ પડે છે—તેના કુદરતી પરિણામ તરીકે ઔદ્યોગિક એકમો જાહેરનામામાં આપવામાં આવેલ લાભો અને પ્રોત્સાહનો માટે હકદાર છે—આવા લાભો ઝારખંડ રાજ્યમાં સ્થિત ઔદ્યોગિક એકમોને પણ ઉપલબ્ધ છે કારણ કે તેનો વિસ્તાર ન કરવાથી મનસ્વી પરિણામો આવે, કેમ કે બિહારમાં કાર્યરત ઔદ્યોગિક એકમોને ઝારખંડમાં કાચા માલની ખરીદી પર સદર લાભ મળે, પરંતુ ઝારખંડમાં તેમના સમકક્ષ એકમો આવા લાભ માટે હકદાર ન હોય.

કલમ ૭(૩)(બી)—ઔદ્યોગિક નીતિ—વેચાણવેરો—માંથી મુક્તિ—બિહાર રાજ્યે તે રાજ્યમાં સ્થિત નવા ઔદ્યોગિક એકમોને કાચા માલની ખરીદીના સંદર્ભમાં વેચાણવેરામાંથી મુક્તિ આપતું જાહેરનામું બહાર પાડ્યું—ઝારખંડ રાજ્યે, તેની રચના થયા બાદ, પોતાની ઔદ્યોગિક નીતિ જાહેર કરી—ઝારખંડ રાજ્યને જાહેરનામું લાગુ પડવા બાબત—ઠેરવેલ: ઝારખંડ રાજ્યની ઔદ્યોગિક

નીતિમાં એવું કંઈ નથી જે સદર જાહેરનામામાં ફેરફાર કરે, તેને સુધારે અથવા તેનો અસ્વીકાર કરે—આથી, સદર જાહેરનામું ઝારખંડ રાજ્યને લાગુ પડે છે.

કાયદાઓનું અર્થઘટન:

કાનૂની કલ્પના—આનુષંગિક નિયમો—નું અર્થઘટન—ઠેરવેલ: કાનૂની કલ્પના સર્જતી જોગવાઈના અર્થઘટનમાં કોર્ટે જે હેતુ માટે કલ્પના સર્જવામાં આવી છે તે નક્કી કરવો જોઈએ અને તે કર્યા પછી, કાનૂની કલ્પનાને અસરકારક બનાવવા માટેના આનુષંગિક અથવા અનિવાર્ય પરિણામરૂપ તે તમામ હકીકતો અને પરિણામો ધારી લેવા જોઈએ.

ધ બિહાર રીઓર્ગેનાઇઝેશન એક્ટ, ૨૦૦૦ સંસદ દ્વારા ઘડવામાં આવ્યો હતો, જેણે નિયત દિવસ એટલે કે ૧૫–૧૧–૨૦૦૦ થી તત્કાલીન બિહાર રાજ્યમાંથી નવું ઝારખંડ રાજ્ય રચ્યું.

તે સમયના બિહાર રાજ્યની ૧૯૯૫ ની ઔદ્યોગિક નીતિ, જે બિહાર ફાઇનાન્સ એક્ટ, ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) હેઠળ બહાર પાડવામાં આવી હતી, તેમાં નવા ઔદ્યોગિક એકમોને કાચા માલની ખરીદી પર વેચાણવેરામાંથી મુક્તિની જોગવાઈ કરવામાં આવી હતી અને વિસ્તરણ/વૈવિધ્યીકરણ હાથ ધરનારા એકમોને સમાન લાભો આપવામાં આવ્યા હતા.

ઝારખંડ રાજ્યે, અસ્તિત્વમાં આવ્યા બાદ, એક જાહેરનામું બહાર પાડ્યું જેના દ્વારા તેમાં દર્શાવેલ અધિનિયમો અને નિયમો નવા રચાયેલા ઝારખંડ રાજ્યને લંબાવવામાં આવ્યા અને તે જરૂરી ફેરફારો સાથે ૧૫–૧૧–૨૦૦૦ થી અસરકારક ગણવામાં આવ્યા. અધિનિયમોમાં બિહાર ફાઇનાન્સ એક્ટ, ૧૯૮૧ નો સમાવેશ થતો હતો અને જાહેરનામાના ખંડ (૨) દ્વારા સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ સહિત નિયમો અને અધિનિયમો હેઠળના તમામ જાહેરનામાઓ અપનાવવામાં આવ્યા હતા.

ઝારખંડ રાજ્યે ઝારખંડ રાજ્યના ઉદ્યોગસાહસિકોને અમુક પ્રોત્સાહનો આપતી પોતાની ઔદ્યોગિક નીતિ જાહેર કરી. જોકે, ઝારખંડ રાજ્યની સદર ઔદ્યોગિક નીતિ હેઠળ આપવામાં આવેલ પ્રોત્સાહનોમાં ઝારખંડ રાજ્યની રચના

પહેલાં બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ હેઠળ અગાઉથી આપવામાં આવેલ પ્રોત્સાહનોનો વ્યવહાર કરવામાં આવ્યો ન હતો.

સામાવાળાએ બિહાર રાજ્યની હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી જેમાં દાવો કર્યો કે તે ૧૯૯૫ ની ઔદ્યોગિક નીતિ હેઠળ વેચાણવેરામાંથી મુક્તિ માટે હકદાર છે. રિટ પિટિશન મંજૂર કરવામાં આવી. આથી અપીલ.

અપીલકર્તાઓ તરફથી દલીલ કરવામાં આવી હતી કે અગાઉની મુક્તિ તત્કાલીન બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ હેઠળ આપવામાં આવી હતી; કે ઝારખંડ રાજ્યે પોતાની ઔદ્યોગિક નીતિ જાહેર કરી હતી જેમાં સામાવાળાને આવી કોઈ મુક્તિ આપવામાં આવી ન હતી અને, તેથી, બિહાર રાજ્યની ૧૯૯૫ ની ઔદ્યોગિક નીતિ હવે લાગુ પડતી ન હતી; કે સામાવાળાને આપવામાં આવેલ મુક્તિની અરજી બિહાર રાજ્ય પૂરતી મર્યાદિત હતી અને, તેથી, ઝારખંડ રાજ્યમાં તેનો અમલ કરાવી શકાય નહિ; કે બિહાર રાજ્યની હાઈકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલ રિટ પિટિશન નિભાવવાપાત્ર ન હતી અને સદર કોર્ટ ઝારખંડ રાજ્યને મેન્ડામસની રિટ બહાર પાડી શકે નહિ.

કોર્ટ સમક્ષ નીચેનો પ્રશ્ન ઉપસ્થિત થયો:–

શું હાલના બિહાર રાજ્યના વિભાજન પર, અને નિયત દિવસ એટલે કે ૧૫.૧૧.૨૦૦૦ થી ઝારખંડ રાજ્યની રચના પર, તે સમયના બિહાર રાજ્યની ૧૯૯૫ ની ઔદ્યોગિક નીતિમાંથી ઉદ્ભવતા લાભો નિયત દિવસ પછી નીતિ હેઠળના લાભાર્થીઓના લાભમાં રહ્યા?

અપીલ ફગાવતાં, કોર્ટે

ઠેરવેલ: ૧. એમ કહી શકાય નહિ કે દાવાનું સમગ્ર કારણ ઝારખંડ રાજ્યમાં હતું કારણ કે બિહાર ફાઇનાન્સ એક્ટ, ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) હેઠળ બહાર પાડવામાં આવેલ બિહાર રાજ્યનું જાહેરનામું એ આધાર બન્યું જેના પર સામાવાળાએ પોતાનો દાવો રજૂ કર્યો. તેથી, આ અનિવાર્યપણે દાવાના કારણનો એક ભાગ બન્યું. જોકે, આ સંજોગોમાં ઝારખંડ રાજ્યને પક્ષકાર–સામાવાળા બનાવવું જોઈતું હતું. [૬૫૧–એફ–જી]

એ.બી.સી. લેમિનાર્ટ પ્રાઇવેટ લિમિટેડ વિ. એ.પી. એજન્સીઝ, [૧૯૮૯] ૨ એસ.સી.સી. ૧૬૩, ઉલ્લેખિત.

૨.૧. બિહાર રીઓર્ગેનાઇઝેશન એક્ટ, ૨૦૦૦ ની કલમો ૮૪ અને ૮૫ ની ભાષા સ્પષ્ટ અને અસંદિગ્ધ છે. આ કલમોએ જોગવાઈ કરી હતી કે અવિભાજિત બિહાર રાજ્યને જે કાયદાઓ લાગુ પડતા હતા તે સદર અધિનિયમ દ્વારા રચાયેલા નવા રાજ્યોને લાગુ પડવાનું ચાલુ રહેશે. તત્કાલીન બિહાર રાજ્યમાં જે કાયદાઓ અમલમાં હતા તે તત્કાલીન બિહાર રાજ્યના વિભાજન અને નવા ઝારખંડ રાજ્યની રચના છતાં ઝારખંડ રાજ્યમાં અમલમાં રહે છે. તેઓ જ્યાં સુધી બદલવામાં, રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહે છે. [૬૫૩–એ–બી]

૨.૨. ઝારખંડ રાજ્ય દ્વારા જાહેર કરવામાં આવેલ ૨૦૦૧ ની ઔદ્યોગિક નીતિમાં એવું કંઈ નથી જે બિહાર ફાઇનાન્સ એક્ટ, ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) હેઠળ બિહાર રાજ્ય દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં ફેરફાર કરે, તેને સુધારે અથવા તેનો અસ્વીકાર કરે. [૬૫૫–સી–ડી]

૩.૧. બિહાર ફાઇનાન્સ એક્ટ, ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) હેઠળ બહાર પાડવામાં આવેલ બિહાર રાજ્યનું જાહેરનામું સદર અધિનિયમની કલમ ૨(એફ) દ્વારા વ્યાખ્યાયિત કાયદો છે. સદર જાહેરનામું જ્યાં સુધી સદર અધિનિયમની કલમ ૮૫ દ્વારા નિર્ધારિત રીતે તેમાં ફેરફાર, તેને રદ અથવા તેમાં સુધારો કરવામાં ન આવે ત્યાં સુધી ઝારખંડ રાજ્યમાં અમલમાં રહેવું જોઈએ. કુદરતી પરિણામ તરીકે, ઔદ્યોગિક એકમો સદર જાહેરનામામાં આપવામાં આવેલ લાભો અને પ્રોત્સાહનો માટે હકદાર છે. [૬૫૩–જી; ૬૫૫–એફ]

૩.૨. ઝારખંડ રાજ્યમાં સ્થિત ઔદ્યોગિક એકમોને પણ વેચાણવેરામાંથી મુક્તિ મળશે કારણ કે સદર લાભોનો વિસ્તાર ન કરવાથી મનસ્વી પરિણામો આવે, કેમ કે જે ઉદ્યોગસાહસિકોના ઔદ્યોગિક એકમો બિહાર રાજ્યમાં કાર્યરત છે તેમને ઝારખંડ રાજ્યમાં કાચા માલની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિનો લાભ મળશે, પરંતુ ઝારખંડ રાજ્યમાં તેમના સમકક્ષ એકમો આવા લાભ માટે હકદાર નહિ હોય. [૬૫૭–ડી–ઈ]

સ્ટેટ ઓફ પંજાબ વિ. બલબીર સિંઘ, [૧૯૭૬] ૩ એસ.સી.સી. ૨૭૨, અનુસરવામાં આવેલ.

શેર સિંઘ વિ. ફાઇનાન્શિયલ કમિશનર ઓફ પ્લાનિંગ, [૧૯૮૭] ૨ એસ.સી.સી. ૪૩૯ અને *ધયાનંદ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા,* [૧૯૯૬] ૭ એસ.સી.સી. ૪૭, પર આધાર રાખવામાં આવેલ.

હર શંકર વિ. ડેપ્યુટી એક્સાઇઝ એન્ડ ટેક્સેશન કમિશનર, [૧૯૭૫] ૧ એસ.સી.સી. ૭૩૭; *પ્રેમજી ભાઈ પરમાર વિ. દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી,* [૧૯૮૦] ૨ એસ.સી.સી. ૧૨૯, ઉલ્લેખિત.

રતન લાલ વિ. ધ એસેસિંગ ઓથોરિટી, [૧૯૬૯] ૨ એસ.સી.આર. ૫૪૪; *સ્ટેટ ઓફ મૈસૂર વિ. પી.બી. હુસૈન કુન્હી,* (૧૯૬૭) ૧૯ એસ.ટી.સી. ૨૧૫ અને *સી.આઇ.ટી. વિ. મિનર્વા મિનરલ્સ,* (૧૯૭૦) ૨૫ એસ.ટી.સી. ૬૪, લાગુ પડતા ન હોવાનું ઠેરવવામાં આવેલ.

૪. બિહાર રીઓર્ગેનાઇઝેશન એક્ટ, ૨૦૦૦ ની કલમો ૨(એફ) અને ૮૪ ને સંયુક્ત રીતે વાંચવાથી તે અત્યંત સ્પષ્ટ બને છે કે નિયત દિવસની તુરંત પહેલાં અમલમાં રહેલા કોઈપણ કાયદામાંના પ્રાદેશિક સંદર્ભોનો અર્થ નિયત દિવસ પહેલાંના હાલના બિહાર રાજ્યની અંદરના પ્રદેશો એવો કરવો જોઈએ. જ્યાં

સુધી કાયદો આ રીતે કાયદા અનુસાર રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી તે અમલમાં રહેશે. તેના સુધારા અથવા ફેરફાર પછી, તેઓ કરવામાં આવેલ અનુકૂલનો અને ફેરફારોને આધીન અમલમાં રહેશે. [૬૫૩–ઈ–એફ]

૫. સદર અધિનિયમની કલમો ૮૪ અને ૮૫ એ કાનૂની કલ્પના સર્જી. એ સારી રીતે સ્થાપિત છે કે કાનૂની કલ્પના સર્જતી જોગવાઈના અર્થઘટનમાં કોર્ટે જે હેતુ માટે કલ્પના સર્જવામાં આવી છે તે નક્કી કરવો જોઈએ અને તે કર્યા પછી, કલ્પનાને અસરકારક બનાવવા માટેના આનુષંગિક અથવા અનિવાર્ય પરિણામરૂપ તે તમામ હકીકતો અને પરિણામો ધારી લેવા જોઈએ. [૬૫૫–જી–એચ; ૬૫૬–એ]

ઈસ્ટ એન્ડ ડ્વેલિંગ કંપની લિમિટેડ વિ. ફિન્સબરી બરો કાઉન્સિલ, [૧૯૫૧] ઓલ ઈ.આર. ૫૮૭, ઉલ્લેખિત.

૬. કોર્ટે એ હકીકત નજર બહાર ન કરવી જોઈએ કે અણધારી ઘટના અસામાન્ય પરિસ્થિતિઓને જન્મ આપી શકે છે. આવી પરિસ્થિતિઓનો સામનો કરતાં, વિધાનમંડળે તેમને પહોંચી વળવા માટે યોગ્ય પદ્ધતિઓ અને ઉકેલો

શોધવા પડે છે. જ્યારે બિહાર રાજ્યે વર્ષ ૧૯૯૫ માં પોતાની ઔદ્યોગિક નીતિ જાહેર કરી, ત્યારે તે અગાઉથી જોઈ શકે તેમ ન હતું કે પાંચ વર્ષ પછી રાજ્યનું વિભાજન થશે. પરંતુ જ્યારે રાજ્યનું વિભાજન વાસ્તવિકતા બન્યું, ત્યારે સંસદે બંને રાજ્યોમાં વહીવટ ચલાવવા માટે યોગ્ય જોગવાઈઓ કરવી પડી. જો અમલમાં રહેલા કાયદાઓ વિભાજન કરવામાં આવ્યું તે દિવસે રદ થઈ જાય, તો અસ્તવ્યસ્ત પરિસ્થિતિ ઊભી થઈ હોત કારણ કે નવા રચાયેલા રાજ્યને કાયદા વગરનું રાજ્ય બનાવી દેવામાં આવ્યું હોત. તેથી, સદર અધિનિયમની કલમો ૮૪ અને ૮૫ જેવી જોગવાઈઓ સાતત્ય જાળવવા માટે ઘડવામાં આવી છે, અને સાથે સાથે રાજ્યોને બે વર્ષની અંદર માત્ર હુકમો બહાર પાડીને, અને ત્યારબાદ વિધાન દ્વારા અથવા સક્ષમ સત્તામંડળ દ્વારા સત્તાના ઉપયોગ દ્વારા, જરૂરી ગણાતા ફેરફારો અને અનુકૂલનો કરવા માટે અધિકૃત કરે છે. આવી જોગવાઈઓ રાજ્યોના પુનર્ગઠન સંબંધિત કાયદાઓમાં અનિવાર્યપણે સમાવિષ્ટ કરવી પડે છે. તેથી, તે યોગ્ય છે કે આવા કાયદાઓનું અર્થઘટન નવા રાજ્યની રચના દ્વારા ઊભી થયેલ અસામાન્ય પરિસ્થિતિ અને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ ધરાવતા હેતુના પ્રકાશમાં કરવું જોઈએ. [૬૫૭–એફ–એચ; ૬૫૮–એ–બી]

૭. કોર્ટે એવી કલ્પના કરીને પોતાના મનને ગૂંચવાડામાં પડવા દેવું જોઈએ નહિ કે જે અગાઉ એક રાજ્ય હતું તે હવે બે બની ગયું છે અને પરિણામે જે અગાઉ

રાજ્યાંતર્ગત વેચાણ વ્યવહારો હતા તે હવે આંતરરાજ્ય વેચાણ વ્યવહારો છે. જો નિયત દિવસ પહેલાં અમલમાં રહેલા કોઈપણ કાયદાને તેના ફેરફાર અથવા રદ થવાની ગેરહાજરીમાં અસર હોવી જ જોઈએ, તો વાસ્તવમાં રાજ્યાંતર્ગત વેચાણ વ્યવહારો આંતરરાજ્ય વેચાણ વ્યવહારો બની ગયા હોવા છતાં તે કાયદા હેઠળનો લાભ મળવો જ જોઈએ. [કપક–એફ–જી]

સિવિલ અપીલ ક્ષેત્રાધિકાર : સિવિલ અપીલ નં. ૭૭૯૮/૨૦૦૨.

પટના હાઈકોર્ટના એલ.પી.એ. નં. ૨૪૦/૨૦૦૨ માં તા. ૨.૪.૨૦૦૨ ના ચુકાદા અને હુકમમાંથી.

સાથે

સી.એ. નં. ૨૪૫૦, ૩૭૬૫/૨૦૦૩; ૩૦૩૫/૨૦૦૪.

મુકુલ રોહતગી, એડિશનલ સોલિસિટર જનરલ, એમ. એલ. વર્મા, આર.એફ. નરીમન, ડૉ. જી.સી. ભારુકા, ડૉ. એ.એમ. સિંઘવી, કે. પરાસરન, રાકેશ દ્વિવેદી, મહેન્દ્ર આર. આનંદ, એમ.એન. કૃષ્ણમણિ, વરિષ્ઠ એડવોકેટો, અશોક માથુર, અરૂપ બેનર્જી, રાજીવ શકધર, યુ.એ. રાણા, અરવિંદ કુમાર, એસ.ડી. સંજય, દેવાશિષ ભારુકા, પ્રકાશ શ્રીવાસ્તવ, આર.સી. કોહલી, સાકેત સિંઘ, બી.બી. સિંઘ, આદિત્ય કુમાર ચૌધરી, નીરજ કુમાર જૈન, સંજય સિંઘ, યુ.એસ. પ્રસાદ, અજીત કે. સિંહા અને સત્ય મિત્ર હાજર રહેલા પક્ષકારો તરફથી.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ બી.પી. સિંઘ દ્વારા આપવામાં આવેલ.

ન્યાયમૂર્તિ બી.પી. સિંઘ : એસ.એલ.પી. (સી) નં. ૧૩૪૦૧/૨૦૦૩ માં રજા મંજૂર કરવામાં આવે છે.

વિશેષ રજા દ્વારા થયેલ અપીલોના આ સમૂહમાં, કાયદાના સામાન્ય પ્રશ્નો નિર્ણય માટે ઉપસ્થિત થાય છે, જેમના જવાબો સંસદ દ્વારા ઘડવામાં આવેલ બિહાર રી–ઓર્ગેનાઇઝેશન એક્ટ ૨૦૦૦ (અધિનિયમ ૩૦/૨૦૦૦) (જે હવે પછી "સદર અધિનિયમ" તરીકે ઉલ્લેખિત છે) ની કલમો ૨(એફ), ૮૪ અને ૮૫

ના અર્થઘટન પર આધારિત છે, જેણે નિયત દિવસથી તત્કાલીન બિહાર રાજ્યનો ભાગ રહેલા, તેની કલમ ૩ માં દર્શાવેલ જિલ્લાઓનો સમાવેશ કરતું નવું ઝારખંડ રાજ્ય રચ્યું. એ અવિવાદિત છે કે કેન્દ્ર સરકારે સત્તાવાર ગેઝેટમાં પ્રસિદ્ધ કરેલ જાહેરનામા દ્વારા ૧૫મી નવેમ્બર ૨૦૦૦ ને નિયત દિવસ તરીકે નિયુક્ત કર્યો હતો.

આ અપીલોમાં ઉપસ્થિત થતો મૂળભૂત પ્રશ્ન એ છે કે શું હાલના બિહાર રાજ્યના વિભાજન પર, અને નિયત દિવસ પહેલાં બિહાર રાજ્યના પ્રદેશોનો સમાવેશ કરતા પ્રદેશો ધરાવતા ઝારખંડ રાજ્યની રચના પર, તે સમયના બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ ૧૯૯૫ માંથી ઉદ્ભવતા લાભો, જે બિહાર ફાઇનાન્સ એક્ટ ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) હેઠળ બહાર પાડવામાં આવેલ અને ૨૨.૧૨.૧૯૯૫ ના રોજ સત્તાવાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ બિહાર સરકારના જાહેરનામામાં સ્ફટિકીકૃત થયા છે, તે નિયત દિવસ પછી નીતિ હેઠળ અને જાહેરનામા હેઠળના લાભાર્થીઓના લાભમાં રહે છે. હાથ ધરાયેલા કેસોમાં, અમે મુખ્યત્વે નવા એકમોને આપવામાં આવેલ કાચા માલની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિના લાભ સાથે, અને વિસ્તરણ/વૈવિધ્યીકરણ હાથ ધરનારા એકમોને તેમની

વિસ્તરણ/વૈવિધ્યીકરણ પામેલ ક્ષમતા અને વધારાના ઉત્પાદન માટેના સમાન લાભો સાથે સંબંધિત છીએ.

સિવિલ અપીલ નં. ૬૭૯૮/૨૦૦૨ હાઇકોર્ટની ડિવિઝન બેન્ચના તે ચુકાદામાંથી ઉદ્ભવે છે જે સામાવાળાઓ, એટલે કે, *મેસર્સ સ્વર્ણ રેખા કોક્સ એન્ડ કોલ્સ પ્રાઇવેટ લિમિટેડ અને અન્યો* દ્વારા દાખલ કરાયેલ રિટ પિટિશનમાં આપવામાં આવ્યો હતો. સામાવાળાએ દાવો કર્યો હતો કે તે ૧૯૯૫ ની ઔદ્યોગિક નીતિમાં અને તે અનુસાર બહાર પાડવામાં આવેલ, કાચા માલની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિ આપતા જાહેરનામામાં વચન આપવામાં આવેલ પ્રોત્સાહન માટે હકદાર છે. તેણે નોંધણી અને પ્રમાણપત્ર સંબંધિત તમામ જરૂરી આવશ્યકતાઓ પૂર્ણ કરી હતી જે પછી ૨૨મી ડિસેમ્બર ૧૯૯૫ ના એસ.ઓ. ૪૭૮ હેઠળ અને મુક્તિ પ્રમાણપત્ર અનુસાર, તે વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિના લાભ સાથે ૨૨મી ડિસેમ્બર ૨૦૦૬ સુધી ભારત કોકિંગ કોલ લિમિટેડ (ટૂંકમાં 'બી.સી.સી.એલ.') પાસેથી કોલસો ખરીદવા માટે હકદાર હતો. જોકે, તેમના વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિના દાવા સામે વિવાદ કરવામાં આવી રહ્યો હોવાથી, તેને પટના ખાતેની હાઇકોર્ટ ઓફ જ્યુડિકેચર સમક્ષ રિટ પિટિશન દાખલ કરવાની ફરજ પડી હતી. ઉપરોક્ત રિટ પિટિશન હાઇકોર્ટના વિદ્વાન સિંગલ જજ દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

જોકે, કમિશનર, કોમર્શિયલ ટેક્સીસ, રાંચીએ લેટર્સ પેટન્ટ અપીલ નં. ૨૦૪/૨૦૦૨ દાખલ કરીને વિદ્વાન સિંગલ જજના ચુકાદાને વાદગ્રસ્ત બનાવ્યો હતો. તેમના મતે તત્કાલીન બિહાર રાજ્યના વિભાજન પછી, કાચા માલ (આ કિસ્સામાં કોલસો) ની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિનો લાભ અનુમતિપાત્ર ન હતો કારણ કે કોલસો પૂરો પાડનાર બી.સી.સી.એલ. ઝારખંડ રાજ્યની અંદર ધનબાદ ખાતે સ્થિત હતું. સામાવાળાને આપવામાં આવેલ મુક્તિ તેની અરજીમાં બિહાર રાજ્ય પૂરતી મર્યાદિત હતી અને, તેથી, ઝારખંડ રાજ્યમાં તેનો અમલ કરાવી શકાય નહિ. અપીલકર્તા અનુસાર જ્યાં સુધી ઝારખંડ રાજ્ય સમાન મુક્તિ ન આપે, ત્યાં સુધી સામાવાળા કર ચૂકવવા અને તે ઝારખંડ રાજ્યને મોકલવા બંધાયેલા હતા. લેટર્સ પેટન્ટ અપીલ હાઇકોર્ટ દ્વારા તેના ૨ એપ્રિલ, ૨૦૦૨ ના ચુકાદા અને હુકમથી ફગાવવામાં આવી હતી, જેમાં સામાવાળાની દલીલને માન્ય રાખવામાં આવી હતી અને તેઓ સદર લાભ માટે હકદાર હોવાનું જણાયું હતું.

એસ.એલ.પી. (સી) નં. ૧૩૪૦૧/૨૦૦૩ માંથી ઉદ્ભવતી અપીલમાં, હકીકતો સમાન છે અને પટના હાઇકોર્ટના વિદ્વાન સિંગલ જજે સ્વર્ણ રેખા કોક્સ એન્ડ કોલ્સ પ્રાઇવેટ લિમિટેડ માં હાઇકોર્ટના ઉપરોક્ત ચુકાદાને અનુસરીને, ૧૮ જુલાઈ, ૨૦૦૨ ના તેમના ચુકાદા અને હુકમથી રિટ પિટિશનોનો સમૂહ મંજૂર

કર્યો. વિદ્વાન સિંગલ જજના સદર ચુકાદાને ઝારખંડ રાજ્ય દ્વારા દાખલ કરાયેલ એલ.પી.એ. નં. ૧૦૨/૨૦૦૩ રૂપી લેટર્સ પેટન્ટ અપીલમાં પડકારવામાં આવ્યો. હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે અગાઉના બંધનકર્તા દૃષ્ટાંતને અનુસરતા ચુકાદામાં કોઈ ભૂલ ન જણાતા ૧૦મી ફેબ્રુઆરી ૨૦૦૩ ના તેના હુકમથી તે ફગાવી દીધી. ઝારખંડ રાજ્યે લેટર્સ પેટન્ટ અપીલમાં હાઇકોર્ટના ચુકાદા અને હુકમને પડકારતી એસ.એલ.પી. (સી) નં. ૧૩૪૦૧/૨૦૦૩ દાખલ કરી છે.

સિવિલ અપીલ નં. ૨૪૫૦/૨૦૦૩ ધ એસોસિએટેડ સિમેન્ટ કંપનીઝ લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવી છે, જે સી.ડબલ્યુ.જે.સી. નં. ૧૫૬૨૦/૨૦૦૧ માં હાઇકોર્ટ સમક્ષ રિટ અરજદાર હતી. આ રિટ પિટિશનમાં, અપીલકર્તા–કંપનીએ આસિસ્ટન્ટ કમિશનર, કોમર્શિયલ ટેક્સીસ ઇન્ચાર્જ, પટના સ્પેશિયલ સર્કલ, પટના દ્વારા પસાર કરવામાં આવેલ ૨૦મી નવેમ્બર, ૨૦૦૧ ના હુકમને રદ કરવા માટે અરજ કરી હતી, જેમાં એમ ઠેરવવામાં આવ્યું હતું કે અપીલકર્તા ૧૫.૧૧.૨૦૦૦ પછી તે માલના વેચાણ પર વેચાણવેરો ચૂકવવા પાત્ર છે જે અગાઉ બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ અનુસાર બિહાર ફાઇનાન્સ એક્ટ ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) હેઠળ તેની તરફેણમાં આપવામાં આવેલ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૫ ની તારીખના મુક્તિ પ્રમાણપત્ર દ્વારા ૧.૪.૧૯૯૮ થી ૩૧.૦૩.૨૦૦૭ સુધીના સમયગાળા માટે મુક્ત હતો.

અપીલકર્તા–કંપનીને આવી મુક્તિ એ હકીકતને ધ્યાનમાં રાખીને આપવામાં આવી હતી કે બિહાર સરકારના નીતિવિષયક નિર્ણય અનુસાર તેણે સિંદરી ખાતે સ્થિત પોતાના સિમેન્ટ વર્ક્સનું વિસ્તરણ કર્યું હતું અને ઉપરોક્ત ઔદ્યોગિક નીતિમાં પરિકલ્પિત કર્યા મુજબ તેના વધારાના ઉત્પાદનના વેચાણ પર મુક્તિ પ્રમાણપત્ર માટે અરજી કરી હતી. તેનો દાવો સ્વીકારવામાં આવ્યો હતો અને તેને ૧.૪.૧૯૯૮ થી ૩૧.૩.૨૦૦૭ ના સમયગાળા માટે મુક્તિ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. તે સદર લાભ મેળવી રહી હતી, પરંતુ આસિસ્ટન્ટ કમિશનર, કોમર્શિયલ ટેક્સીસના વાદગ્રસ્ત હુકમ દ્વારા, તે તેના વધારાના ઉત્પાદનના વેચાણ પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિ માટે હકદાર ન હોવાનું ઠેરવવામાં આવ્યું. હાઇકોર્ટની અન્ય ડિવિઝન બેન્ચે *સ્વર્ણ રેખાના* કેસમાં અગાઉના નિર્ણયની નોંધ લીધી, પરંતુ અપીલકર્તાનું ઔદ્યોગિક એકમ ઝારખંડ રાજ્યમાં સ્થિત હતું જેણે મુક્તિ આપતું જાહેરનામું અનુકૂલિત કર્યું હતું, એ કારણોસર તેને અલગ ગણાવ્યો, અને જેમ કે તત્કાલીન બિહાર રાજ્ય દ્વારા બહાર પાડવામાં આવેલ અગાઉનું મુક્તિ જાહેરનામું કાર્યરત થઈ શકે નહિ, અને ઝારખંડ રાજ્યમાં સમાવિષ્ટ પ્રદેશોમાં માત્ર ઝારખંડ રાજ્યનું મુક્તિ જાહેરનામું લાગુ પડતું હતું.

સિવિલ અપીલ નં. ૩૭૬૫/૨૦૦૩ *ભગવતી કોક ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ અને અન્યો* દ્વારા દાખલ કરવામાં આવી છે જેમણે સમાન રાહત માટે રાંચી ખાતેની ઝારખંડ હાઇકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરી હતી. હાઇકોર્ટે તેના ૮ જાન્યુઆરી, ૨૦૦૩ ના ચુકાદા અને હુકમથી રિટ પિટિશન એમ ઠેરવીને ફગાવી દીધી છે કે ૧૯૯૫ ની ઔદ્યોગિક નીતિ અનુસાર બહાર પાડવામાં આવેલ વૈધાનિક જાહેરનામાઓ અને કલમ ૭(૩) હેઠળ બહાર પાડવામાં આવેલ તા. ૨૨.૧૨.૧૯૯૫ ના એસ.ઓ. નં. ૪૭૮ રૂપી જાહેરનામામાં વેચાણવેરાની ચુકવણીની બાબતમાં મુક્તિઓની જોગવાઈ માત્ર રાજ્યાંતર્ગત વેચાણ વ્યવહારો સાથે સંબંધિત હતી અને આંતરરાજ્ય વેચાણો સાથે નહિ. પરિણામે બે રાજ્યો અસ્તિત્વમાં આવતાં, તેનો લાભ આંતરરાજ્ય વેચાણ વ્યવહારોના સંદર્ભમાં માંગી શકાય નહિ અને, તેથી, બિહાર રાજ્યમાં તૈયાર માલના ઉત્પાદનમાં વપરાશ માટે ઝારખંડ રાજ્યમાં ખરીદવામાં આવેલ કાચા માલના સંદર્ભમાં આવા લાભો માંગી શકાય નહિ.

પ્રારંભે, અમે સદર અધિનિયમની સંબંધિત જોગવાઈઓની નોંધ લઈ શકીએ. સદર અધિનિયમનો ભાગ ૨ માત્ર ૪ કલમો ધરાવે છે અને તેમાંથી કલમો ૩ અને ૪ સંબંધિત છે. કલમ ૩ હેઠળ, નિયત દિવસથી, ઝારખંડ રાજ્ય તરીકે ઓળખાતું નવું રાજ્ય રચવામાં આવે છે. કલમો ૩ અને ૪ નીચે મુજબ વાંચે છે:–

"૩. નિયત દિવસથી, હાલના બિહાર રાજ્યના નીચેના પ્રદેશોનો સમાવેશ કરતું ઝારખંડ રાજ્ય તરીકે ઓળખાતું નવું રાજ્ય રચવામાં આવશે, એટલે કે:

બોકારો, ચતરા, દેવગઢ, ધનબાદ, દુમકા, ગઢવા, ગિરિડીહ, ગોડ્ડા, ગુમલા, હજારીબાગ, કોડરમા, લોહરદગા, પાકુડ, પલામૌ, રાંચી, સાહેબગંજ, સિંઘભૂમ (પૂર્વ) અને સિંઘભૂમ (પશ્ચિમ) જિલ્લાઓ;

અને ત્યારબાદ સદર પ્રદેશો હાલના બિહાર રાજ્યનો ભાગ બનવાનું બંધ કરશે.

૪. નિયત દિવસથી, બિહાર રાજ્ય કલમ ૩ માં દર્શાવેલ પ્રદેશો સિવાયના હાલના બિહાર રાજ્યના પ્રદેશોનો સમાવેશ કરશે."

સદર અધિનિયમની કલમો ૮૪ અને ૮૫, જે આ અપીલોમાં સંકળાયેલા પ્રશ્નોના નિર્ણય માટે નિર્ણાયક છે, તે નીચે ઉતારવામાં આવી છે:

"૮૪. આ અધિનિયમના ભાગ ૨ ની જોગવાઈઓ નિયત દિવસની તુરંત પહેલાં અમલમાં રહેલ કોઈપણ કાયદો જે પ્રદેશોને લંબાય છે અથવા લાગુ પડે છે તેમાં કોઈ ફેરફાર કર્યો હોવાનું ગણાશે નહિ, અને સક્ષમ વિધાનમંડળ અથવા અન્ય સક્ષમ સત્તામંડળ દ્વારા અન્યથા જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, આવા કોઈપણ કાયદામાંના બિહાર રાજ્ય પ્રત્યેના પ્રાદેશિક સંદર્ભોનો અર્થ નિયત દિવસ પહેલાંના હાલના બિહાર રાજ્યની અંદરના પ્રદેશો એવો કરવામાં આવશે.

૮૫. નિયત દિવસ પહેલાં ઘડવામાં આવેલ કોઈપણ કાયદાનો બિહાર અથવા ઝારખંડ રાજ્યના સંબંધમાં ઉપયોગ સરળ બનાવવાના હેતુસર, યોગ્ય સરકાર, તે દિવસથી બે વર્ષની સમાપ્તિ પહેલાં, હુકમ દ્વારા, રદ કરીને કે સુધારા દ્વારા, જે જરૂરી અથવા યોગ્ય હોય તેવા કાયદાના અનુકૂલનો અને ફેરફારો કરી શકશે, અને ત્યારબાદ આવો પ્રત્યેક કાયદો સક્ષમ વિધાનમંડળ અથવા અન્ય સક્ષમ સત્તામંડળ દ્વારા બદલવામાં, રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી આ રીતે કરવામાં આવેલ અનુકૂલનો અને ફેરફારોને આધીન અમલમાં રહેશે.'

સ્પષ્ટીકરણ—આ કલમમાં, "યોગ્ય સરકાર" અભિવ્યક્તિનો અર્થ, સંઘ સૂચિમાં ગણાવેલ બાબત સંબંધિત કોઈપણ કાયદાના સંદર્ભમાં, કેન્દ્ર સરકાર, અને રાજ્યને લાગુ પડવાના સંદર્ભમાં અન્ય કોઈપણ કાયદાના સંદર્ભમાં, રાજ્ય સરકાર એવો થાય છે."

સદર અધિનિયમની કલમ ૨(એફ) હેઠળ 'કાયદો' શબ્દને વ્યાપક વ્યાખ્યા આપવામાં આવી છે જે નીચે મુજબ છે:

"*૨(એફ) "કાયદો"* માં નિયત દિવસની તુરંત પહેલાં, હાલના બિહાર રાજ્યના સમગ્ર અથવા કોઈપણ ભાગમાં કાયદાનું બળ ધરાવતા કોઈપણ અધિનિયમ, વટહુકમ, નિયમન, હુકમ, પેટા–કાયદો, નિયમ, યોજના, જાહેરનામું અથવા અન્ય સાધનનો સમાવેશ થાય છે."

આ તબક્કે થોડી વધારાની હકીકતોની પણ નોંધ લઈ શકાય. બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ ૧૯૯૫ ૧ સપ્ટેમ્બર, ૧૯૯૫ થી અમલમાં છે. ત્યારબાદ બિહાર ફાઈનાન્સ એક્ટ, ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) દ્વારા પ્રદાન કરાયેલ સત્તાના ઉપયોગમાં ૨૨.૧૨.૧૯૯૫ ના બિહાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ

જાહેરનામું આવ્યું. સદર જાહેરનામાનો વિવિધ ચુકાદાઓમાં ૨૨.૧૨.૧૯૯૫ ના એસ.ઓ. નં. ૪૭૮ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સદર જાહેરનામા દ્વારા, બિહારના રાજ્યપાલે એ નિર્દિષ્ટ કરવાની મહેરબાની કરી હતી કે જે ઔદ્યોગિક એકમે ૧.૯.૧૯૯૫ થી ૩૧.૮.૨૦૦૦ વચ્ચે પોતાનું ઉત્પાદન શરૂ કર્યું હોય, અને જેણે જાહેરનામાના ફોર્મ–કા હેઠળ નાણાં (કોમર્શિયલ ટેક્સીસ) વિભાગના સક્ષમ સત્તામંડળ સમક્ષ અરજી કરી હોય, અને જેને મુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય, તે તેમાં નિર્ધારિત નિયમો અને શરતોને આધીન ઉત્પાદન માટે જરૂરી તેમના સીધા કાચા માલની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિ માટે હકદાર રહેશે. જાહેરનામામાં જોગવાઈ કરવામાં આવી હતી કે કાચા માલની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિનો લાભ ઉત્પાદનની તારીખથી કલાસ–એ જિલ્લાઓમાં સ્થિત એકમોને ૧૦ વર્ષના સમયગાળા માટે અને ઔદ્યોગિક નીતિ ૧૯૯૫ માં વર્ગીકૃત કરવામાં આવેલ કલાસ–બી જિલ્લાઓમાં સ્થિત એકમોને ૮ વર્ષના સમયગાળા માટે ઉપલબ્ધ રહેશે. જાહેરનામાના ખંડ ૧૪ માં વિસ્તરણ/વૈવિધ્યીકરણ/આધુનિકીકરણ હાથ ધર્યા પછી વિસ્તૃત ક્ષમતા પર પોતાનું ઉત્પાદન શરૂ કરનાર આવા ઔદ્યોગિક એકમોને સીધા કાચા માલની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિની જોગવાઈ કરવામાં આવી હતી. મુક્તિની મંજૂરી માટે તેમણે જે શરતોની પૂર્તિ કરવી જરૂરી છે તે તેના ખંડ ૧૫ માં નિર્ધારિત કરવામાં આવી છે.

૧૫ નવેમ્બર, ૨૦૦૦ થી અમલમાં ઝારખંડ રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પછી, તેણે ૧૫.૧૨.૨૦૦૦ ના રોજનું જાહેરનામું નં. ૧૭ બહાર પાડ્યું. સદર જાહેરનામું સરળ સંદર્ભ માટે નીચે ઉતારવામાં આવ્યું છે:

"ઝારખંડ સરકાર

નાણાં વિભાગ (અસ્પષ્ટ)

<u>જાહેરનામું</u>

તા. ૧૫.૧૨.૨૦૦૦

રાંચી, નં. ૧૭

ભારતના બંધારણની કલમ ૨૮૩ ના ભાગ (૨) હેઠળ અને બિહાર રી-ઓર્ગેનાઇઝેશન એક્ટ, ૨૦૦૦ (અધિનિયમ નં. ૩૦/૨૦૦૦) ની કલમ ૮૫ હેઠળ સત્તાના ઉપયોગમાં, ઝારખંડના રાજ્યપાલ, આથી હુકમ કરે છે કે ૧૫મી નવેમ્બર, ૨૦૦૦ ની તુરંત પહેલાં બિહાર રાજ્યમાં અસરકારક નીચેના અધિનિયમો/નિયમો બિહાર રી-ઓર્ગેનાઇઝેશન એક્ટ, ૨૦૦૦ (અધિનિયમ નં. ૩૦/૨૦૦૦) ની જોગવાઈઓ હેઠળ રચાયેલ ઝારખંડ રાજ્યને સદર તારીખના સમયગાળાથી લંબાવવામાં આવશે અને તેઓ જરૂરી ફેરફારો સાથે તા. ૧૫ (પંદર) નવેમ્બર, ૨૦૦૦ થી અસરકારક ગણાશે.

૧. (૧) બિહાર ફાઇનાન્સ એક્ટ, ૧૯૮૧ – ભાગ ૧/બિહાર સેલ્સ ટેક્સ રૂલ્સ, ૧૯૮૩.

(૨) બિહાર એડવર્ટાઇઝમેન્ટ ટેક્સ એક્ટ, ૧૯૮૧/બિહાર એડવર્ટાઇઝમેન્ટ ટેક્સ રૂલ્સ, ૧૯૮૩.

(૩) બિહાર એન્ટરટેઇનમેન્ટ ટેક્સ એક્ટ, ૧૯૪૮/બિહાર એન્ટરટેઇનમેન્ટ ટેક્સ રૂલ્સ, ૧૯૮૪.

(૪) બિહાર ઇલેક્ટ્રિસિટી ડ્યુટી એક્ટ, ૧૯૪૮/બિહાર ઇલેક્ટ્રિસિટી ડ્યુટી રૂલ્સ, ૧૯૪૯.

(૫) બિહાર્સ હોટેલ, લક્ઝરી ગુડ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૮૮/બિહાર્સ હોટેલ, લક્ઝરી ગુડ્સ ટેક્સેશન રૂલ્સ, ૧૯૮૮.

(૬) ઉપયોગિતા અથવા વેચાણ માટે માલના પ્રવેશમાં બિહાર ટેક્સેશન એક્ટ, ૧૯૪૩/બિહારમાં માલના પ્રવેશ પરના ટેક્સેશન રૂલ્સ, ૧૯૯૩.

(૭) સેન્ટ્રલ સેલ્સ ટેક્સ (બિહાર) રૂલ્સ, ૧૯૫૭.

(૮) બિહાર કોમર્સ ટેક્સ ટ્રિબ્યુનલ રેગ્યુલેશન્સ, ૧૯૭૯.

૨. કાયદાકીય _____ / પરિપત્રો, સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ (સહિત) તમામ સદર અધિનિયમો/નિયમો હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાઓ, આથી અપનાવવામાં આવે છે.

૩. આ જાહેરનામું જરૂરી ફેરફારો સાથે ઝારખંડ રાજ્ય હેઠળના વિસ્તારો માટે અસરકારક ગણાશે.

સરાજ્યપાલના આદેશથી,

સહી/–

વિશેષ સચિવ"

એ જોઈ શકાશે કે સદર જાહેરનામા દ્વારા ૧૫મી નવેમ્બર, ૨૦૦૦ ની તુરંત પહેલાં બિહાર રાજ્યમાં અસરકારક તેમાં દર્શાવેલ અધિનિયમો અને નિયમો નવા રચાયેલા ઝારખંડ રાજ્યને લંબાવવામાં આવ્યા છે અને તે જરૂરી ફેરફારો સાથે ૧૫ નવેમ્બર, ૨૦૦૦ થી અસરકારક ગણાય છે. અધિનિયમોમાં બિહાર ફાઇનાન્સ એક્ટ ૧૯૮૧–બિહાર સેલ્સ ટેક્સ રૂલ્સ ૧૯૮૩ ના ભાગ ૧ નો સમાવેશ થાય છે. તેમાં સેન્ટ્રલ સેલ્સ ટેક્સ (બિહાર) રૂલ્સ ૧૯૫૭ નો પણ સમાવેશ થાય છે. જાહેરનામાનો ખંડ (૨) સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ ૧૯૫૬ સહિત નિયમો અને અધિનિયમો હેઠળના તમામ જાહેરનામાઓ અપનાવે છે.

૨૫.૮.૨૦૦૧ ના રોજ, ઝારખંડ રાજ્યે ઝારખંડ રાજ્યના ઉદ્યોગસાહસિકોને અમુક પ્રોત્સાહનો આપતી પોતાની ઔદ્યોગિક નીતિ જાહેર કરી. જોકે, ઝારખંડ રાજ્યની સદર ઔદ્યોગિક નીતિ હેઠળ આપવામાં આવેલ પ્રોત્સાહનોમાં ઝારખંડ રાજ્યની રચના પહેલાં બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ હેઠળ અગાઉથી આપવામાં આવેલ પ્રોત્સાહનોનો વ્યવહાર કરવામાં આવ્યો ન હતો.

૧ જૂન, ૨૦૦૨ ના રોજ, ઝારખંડના કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સીસ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો, જેનો સંબંધિત ભાગ અમારી સમક્ષ સિવિલ અપીલ નં. ૩૭૬૫/૨૦૦૩ માં એનેક્ષર પી–૭ તરીકે રજૂ કરવામાં આવ્યો છે. પરિપત્રનો સંબંધિત ભાગ નીચે મુજબ વાંચે છે:

> "ઝારખંડ સરકાર નાણાં (કોમર્શિયલ ટેક્સીસ) વિભાગનો પત્ર નં. ૧૨૫૯/રાંચી, તા. ૧.૬.૦૨, જે શ્રી રાહુલ સરીન, સચિવ સહ કમિશનર કોમર્શિયલ ટેક્સીસ, ઝારખંડ, રાંચી દ્વારા તમામ સંયુક્ત કમિશનર

કોમર્શિયલ ટેક્સીસ (વહીવટ), તમામ સર્કલ ઇન્ચાર્જને સંબોધીને બહાર પાડવામાં આવ્યો હતો.

વિષય:– ૧૯૯૫ ની ઔદ્યોગિક નીતિ અનુસાર બહાર પાડવામાં આવેલ તા. ૨૨.૧૨.૯૫ ના જાહેરનામાઓ એસ.ઓ. ૪૭૮, ૪૭૯, ૪૮૦ અને ૪૮૧ અને ઝારખંડ રાજ્યમાં પ્રોત્સાહનોની ચાલુતા માટે મુક્તિ પ્રમાણપત્રો આપવા સંબંધિત તા. ૦૨.૦૩.૨૦૦૦ ના એસ.ઓ. ૫૭, ૫૮, ૫૯ અને ૬૦.

કોમર્શિયલ ટેક્સ વિભાગની પ્રાદેશિક કચેરીઓ પાસેથી નીચેના સ્પષ્ટીકરણો માંગવામાં આવ્યા હતા.

(૧) જે ઔદ્યોગિક એકમોની તરફેણમાં ઔદ્યોગિક નીતિ, ૧૯૯૫ અનુસાર તા. ૨૨.૧૨.૯૫ ના એસ.ઓ. ૪૭૮, ૪૭૯, ૪૮૦ અને ૪૮૧ હેઠળ મુક્તિ પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે તેમને ઝારખંડ રાજ્યની રચના પછી બાકીના સમયગાળા માટે મુક્તિ અને અન્ય લાભો મળવાનું ચાલુ રહેશે કે નહિ?

(૨) .....

(૩) .....

(૪) .....

આ બાબત રાજ્ય સરકાર સમક્ષ વિચારણા હેઠળ હતી. આ બાબતે કાનૂની અભિપ્રાય લીધા પછી, રાજ્ય સરકારે નીચેના નિર્ણયો લીધા છે:

૧. જ્યાં સુધી પ્રશ્ન નં. (૧) નો સંબંધ છે, ત્યાં સુધી તેમાં ઉલ્લેખિત જે એકમોને ઝારખંડ રાજ્યની રચના પહેલાં મુક્તિ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા તેમને ઝારખંડ રાજ્યની રચના પછી પણ બાકીના સમયગાળા માટે મુક્તિ પ્રમાણપત્રો અનુસાર લાભ મળવાનું ચાલુ રહેશે.

૨. .....

૩. ....."

ખાનગી પક્ષકારો વતી હાજર રહેલા વકીલોએ ૧૫મી ડિસેમ્બર ૨૦૦૦ ના અનુકૂલન જાહેરનામા તેમજ ઝારખંડના કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સીસ દ્વારા બહાર પાડવામાં આવેલ ૧લી જૂન ૨૦૦૨ ના પરિપત્ર પર, તેમની એ દલીલના સમર્થનમાં કે હકીકતમાં ૨૨.૧૨.૧૯૯૫ ના એસ.ઓ. ૪૭૮ ને ઝારખંડ રાજ્ય દ્વારા અપનાવવામાં આવ્યો હતો અને એ સ્પષ્ટ થયું હતું કે રાજ્યપાલે ઝારખંડ રાજ્યની રચના પછી બાકીના સમયગાળા માટે મુક્તિ પ્રમાણપત્રો અનુસાર લાભ આપવાનું ચાલુ રાખવાનો નિર્ણય લીધો હતો, નોંધપાત્ર આધાર રાખ્યો છે.

સિવિલ અપીલ નં. ૭૭૯૮/૨૦૦૨ માં અપીલકર્તા વતી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એમ.એલ. વર્માએ ત્રણ મુખ્ય રજૂઆતો કરી. તેમણે રજૂઆત કરી; પ્રથમ, કે અગાઉની મુક્તિ તત્કાલીન બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ હેઠળ આપવામાં આવી હતી. ૨૫.૮.૨૦૦૧ ના રોજ, ઝારખંડ રાજ્યે ઝારખંડ રાજ્ય માટે પોતાની ઔદ્યોગિક નીતિ જાહેર કરી હતી જેમાં સામાવાળાને

આવી કોઈ મુક્તિ આપવામાં આવી ન હતી. પરિણામે, વર્ષ ૧૯૯૫ ની બિહાર રાજ્યની ઔદ્યોગિક નીતિ હવે લાગુ પડતી ન હતી અને, તેથી, કાચા માલની ખરીદી પર વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિ તેમને તે વેચાણવેરાના સંદર્ભમાં ઉપલબ્ધ ન હતી જે હવે ઝારખંડ રાજ્યને ચૂકવવાપાત્ર બન્યો હતો. બીજું, તત્કાલીન બિહાર રાજ્યના પ્રદેશોમાંથી બે રાજ્યોની રચનાના કારણે, વેચાણો વાસ્તવમાં આંતરરાજ્ય વેચાણો બની ગયા જે અગાઉના નીતિવિષયક નિર્ણયમાં સમાવિષ્ટ ન હતા, જેમાં માત્ર રાજ્યાંતર્ગત વેચાણોની પરિકલ્પના કરવામાં આવી હતી. છેલ્લે, તેમણે રજૂઆત કરી કે કોઈપણ સંજોગોમાં, પટના ખાતેની હાઇકોર્ટ ઓફ જ્યુડિકેચર સમક્ષ દાખલ કરવામાં આવેલ રિટ પિટિશન નિભાવવાપાત્ર ન હતી અને સદર કોર્ટ ઝારખંડ રાજ્યને મેન્ડામસની રિટ બહાર પાડી શકે નહિ. જોકે, શ્રી વર્માએ એ કાયદાકીય સ્થિતિ સામે વાંધો ઉઠાવ્યો ન હતો કે સદર અધિનિયમની કલમ ૨(એફ) હેઠળ 'કાયદો' શબ્દની વ્યાખ્યાને ધ્યાનમાં લેતાં, બિહાર ફાઇનાન્સ એક્ટ ૧૯૮૧ ની કલમ ૭(૩)(બી) હેઠળ જાહેરનામું બહાર પાડીને તત્કાલીન બિહાર રાજ્ય દ્વારા આપવામાં આવેલ મુક્તિને સદર અધિનિયમની કલમો ૮૪ અને ૮૫ ના હેતુ માટે "કાયદો" ગણવી જોઈએ.

સિવિલ અપીલ નં. ૨૪૫૦/૨૦૦૩ માં બિહાર રાજ્ય વતી હાજર રહેલા શ્રી રાકેશ દ્વિવેદીએ રજૂઆત કરી કે આ અપીલમાં તૈયાર માલના વેચાણ પર

